## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ



હલ્લો સર... એક પેશન્ટ આવ્યો છે. એ કંમ્પ્લેઇન કરે છે કે પેટમાં ગુડ-ગુડ થાય છે... તો એવુ તો તમે કાંઇ ભણાવ્યુ નથી અમને...!!

# સત પ્રેરણા ટ્રસ્ટ દ્વારા રોટી અભિયાન



ભારે વરસાદ ને કારણે ગરીબ ઝુપડાવાસીયો કે જેઓ ઝુપડામા પાણી ભરાવાના કારણે રસોઈની વ્યવસ્થા કરી શક્યા નથી તેમને ભોજન પહોંચાડવા માટે સતપ્રેરણા ટ્રસ્ટ-પ્રેરણામૂર્તિ ભારતીશ્રીજીના ૨ રોટી અભિયાન અંતર્ગત સંસ્થાના સેવાદારી ભાઈ-બહેનો દ્વારા અમદાવાદ શહેરના રાણીપ જનતાનગરની આસપાસના ઝુપડપટ્ટીની ગરીબ વસ્તી, નરોડા, નિકોલ વિસ્તારમા નિસુલ્ક ભોજન વિતરણ કરવામાં આવ્યું

## ગાંધીનગર પ્રજાપતિ સમાજ કો.ઓ. સોસાયટીની સામાન્ય સભા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર પ્રજાપતિ સમાજ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ., ગાંધીનગરની સાતમી વાર્ષિક સાધારણ સભા ભુવનેશ્વરી મંદિર સેક્ટર-૬ જેમાં દરેક સભાસદો હાજર રહ્યા હતા, મૃત્યુ પામેલા સભાસદોને શ્રદ્ધાંજલિ આપી તથા સભાસદ સભ્યોને લોનની મર્યાદા બે લાખની કરવામાં આવી હતી. નવા સભ્યો બનાવવા માટે આહવાન કરવામાં આવ્યુ. સોસાયટીના ચેરમેન અલ્પેશભાઈ પ્રજાપતિને તમામ સદસ્યનું અભિવાદન કર્યુ અને મંત્રી મુકેશભાઈ ઉપાલાએ આભારવિધિ કરી હતી.

## સ્વામિનારાયણ કોલેજ ઓફ નર્સિંગમાં ઓરીએટેશન કાર્યક્રમ





ગાંધીનગર,તા.૨૪

સ્વામિનારાયણ વિશ્વ મંગલ ગુરુકુળ કલોલ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએંટેશન અને ઓથ ટેકીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ શાસ્ત્રી સ્વામી પ્રેમ સ્વરૂપદાસજી (પ્રેસિડેન્ટ-સ્વામિનારાયણ યુનિવર્સિટી ,મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સ્વામિન ારાયણ વિશ્વમંગલ ગુરુકુળ), સ્વામી ભક્તવસલદાસજી અને સ્વામી ભક્તિનંદનદાસજી (વાઈસ પ્રેસિડેન્ટ-સ્વામિનારાયણ યુનિવર્સિટી) ની પ્રેરણા અને આશીર્વાદ થકી કરવામાં આવેલ હતો . આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડો. પ્રજ્ઞા ડાભી (રજીસ્ટ્રાર-ગુજરાત નર્સિંગ કાઉન્સિલ) અને શ્રીમતી ક્રિષ્ના વાઘેલા(સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ-કલોલ) તેમજ પ્રો.(ડો) એમ એસ રાવ(પ્રો વોસ્ટ- સ્વામીનારાયણ યુનિવર્સિટી), શ્રીમતી કલ્પના પટેલ(ડિન -નર્સિંગ) , પ્રો.(ડો) અજીત કે ગંગવાને(રજીસ્ટ્રાર -સ્વામિનારાયણ યુનિવર્સિટી) હાજર રહ્યા હતા.

## શહેરના રક્ષાશકિત સર્કલ પાસે માંડવી-ગાંધીનગર બસ-કન્ટેનર વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૪

શહેરના રક્ષાશકિત સર્કલ પાસે આજે વહેલી સવારે માંડવી-ગાંધીનગર બસ અને કન્ટેનર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બસની ડાબી બાજુ પાછળના ભાગે નુકશાન થયું હતું. બનાવ અંગે બસ ચાલકે ફરીયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ ગાંધીનગર દહેગામના પીંપલજ ગામ ખાતે રહેતા નવલસિંહ પ્રતાપસિંહ ઠાકોર પરિવાર સાથે રહે છે અને ભુજ વિભાગ માંડવી ડેપો ખાતે છેલ્લા દોઢ વર્ષથી ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. માંડવી ડેપોમાંથી બસ નં. જી.જે.૧૮.ઝેડ-૩૧૫૬ ને માંડવી ગાંધીનગર રૂટ માટે ફાળવવામાં આવી છે. ગઈકાલ તા.૨૩ જુલાઈના રોજ રાત્રીના ૮.૧૫ કલાકે અરસામાં ડ્રાઈવર તેમજ કડંકટર માંડવી થી બસ લઈ ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. ગાંધીનગર કોબા થી રક્ષાશકિત સર્કલ પસાર કરતા હતા. ત્યારે આજરોજ સવારે સાત વાગ્યાના અરસામાં રીલાયન્સ ચોકડી થી એક કન્ટેનરના ચાલકે તેનું કન્ટેનર પુરઝડપે અન ગફલતભરી રીતે હંકારી બસને ડાબી બાજુના પાછળના ટાયર ભાગે ટકરાતા ગોબો પડી ગયો હતો. બસના ડ્રાઈવરે કન્ટેનરનો નંબર જોતા જી.જે. ૦૧. સી.વાય.-૯૪૬૯ હતો.

જયારે બનાવમાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નથી. જયારે બસ અને કન્ટેનર સ્થળ પર પડેલા હતા.



શહેરમાં ભૂવા પડવા એ કોઈ નવી વાત નથી. રસ્તા પર પડતા ખાડાથી વસાહતીઓ હવે ટેવાતા જાય છે. ખ-૨ સર્કલથી ખ-૩ તરફ જવાના માર્ગે મોટો ભૂવો પડતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

## વિદ્યાપીઠ સંકુલ સાદરા ખાતે વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર,તા.૨૪

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ ડૉ. જગદીશચંદ્ર સાવલીયા સાહેબ વિદ્યાર્થીઓને વિવેકપૂર્ણ તરીકેથી આ ઝુંબેશમાં જોડાવાવની અપીલ કરી હતી અને ગાંધીજી દ્વારા આપેલા પર્યાવરણ સંદર્ભમાં કરેલા પ્રાસંગિકતા સમજાવી હતી સાથે સાથે આવતા દિવસોમા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પ અને પ્રતિજ્ઞા પણ



કાર્યક્રમ અંતર્ગત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પ, પર્યાવરણ અને જળવાયું પરિવર્તનને પ્રભાવિત કરવા વાળા પરિબળો '' વિષય પર પર વિવિધ સ્પર્ધાઓ જેવીકે નિબંધ લેખન, સુત્ર લેખન અને પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં સસ્થાનાના લગભગ ૯૦ વિદ્યાર્થી ભાઈ અને બહ્નોએ ભાગ લીધું હતું અને આ વિષય પર અધ્યક્ષ તરીકે ડીનશ્રી રચનાત્મક કાર્યો અને તેનાથી દરેક માનસનાં જીવનમા પર્યાવરણ અને પોતાના આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત કરેલા સરકારશ્રી દ્વારા કાર્યોની ખુબજ પ્રસંશા કરી હતી વિશેષમા આ સંપૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક શ્રી ખંજન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવ્યું છે જયારે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામશ્રી ડૉ નીરજ સિલાવટ સાહેબે આ કાર્યક્રમની ભૂમિકા અને વિદ્યાર્થી સ્વયંસેવક દ્વારા લેવડાવવામાં આવશે અને તારીખ ૯ ઓગસ્ટનાં દિવસે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું આહવાન પ્રમાણે વિશાલ વૃક્ષારોપણ સાદરા ગામના સરપંચશ્રી મહેશ ભાઈ રાવલ અને અન્ય આગેવાનોનાં માર્ગદર્શન હેઠન કરવામાં આવશે સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

## મેયર હિતેશભાઈ મકવાણાએ ઢોર ડબ્બાની મુલાકાત લીધી



સેકટર-૩૦ ખાતે આવેલા ગાંધીનગર મહાનગરપાલિકા સંચાલિત ઢોર ડબ્બાની મેયર હિતેશભાઈ મકવાણા એ ઓચિંતી મુલાકાત લીધી હતી. આ દરમિયાન મેયર એ ઉપલબ્ધ તમામ પ્રકારની સુવિધાઓનું નિરીક્ષણ કરીને પશુઓને નિયમિત પોષણયુક્ત આહાર મળી રહે તેમજ હાલમાં ચોમાસાની ઋતુમાં ખાસ નિયમિત સ્વચ્છતા જળવાઈ રહે, કાદવ કીચડ- ગંદકી ના થાય તે અંગેની સંબંધિત અધિકારી - કર્મચારીઓને જરૂરી સુચના આપી હતી. આ વેળાએ ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, મ્યુ. કમિશનર જે.એન.વાઘેલા, ડે.કમિશનર કેયુરભાઈ જેઠવા, અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુઘડના યુવક પાસે રૂ.૬.૨૨ લાખની છેતરપિંડી

### બાલાજી ટેલીફિલ્મસના નામે છેતરપિંડી આચરી, મુવી રેટીંગ અને રીવ્યુ આપવાનું કામ આપવાના કહી ગઠીયો કળા કરી ગયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સુઘડના યુવકને બાલાજી ટેલીકોમ કંપનીના નામે ફોન કરીને ઓનલાઈન પાર્ટ ટાઈમ કામ આપવાની લોભામણી લાલચ આપી હતી. ત્યારબાદ બાલાજી ટેલિફિલ્મસના ભળતા નામવાળી વેબસાઈટમાં લોગીન કરાવી મુવીના રેટીંગ અને રીવ્યું આપવાના બહાને ગઠીયાએ રૂ.૬.૨૨ લાખની છેતરપિંડી આચરતા સાઈબર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ ગાંધીનગરના સુઘડ પાર્શ્વનાથ એટલાન્ટીસ પાર્ક સોસાયટીમાં રહેતા ૪૧ વર્ષિય ધિરેન્દ્ર માનસિંહ સરાધના અમદાવાદ સીએજી ઓફિસમાં આસીસટન્ટ ઓડીટર ઓફિસર તરીકે ફરજ બજાવે છે. ગત તા.૫ મેના રોજ તેના મોબાઈલ પર એક અજાણ્યા વ્યકિતએ બાલાજી ટેલીકોમ કંનપીમાંથી બોલતો હોવાનું કહીને ઓનલાઈન પાર્ટ ટાઈમ કામ આપવાની લાલચ આપી હતી.

બાદમાં ડબલ્યુ,ડબલ્યુ,ડબલ્યુ. બાલાજી ટેલીફિલ્મસીન.ડોટ કોમ તેમજ બાલાજી ફિલ્સમસીન ડોટ ટોપ નામની વેબસાઈટ પર લોગીન કરાવી મુવીના રેટીંગ અને રીવ્યુ આપવાનું કામ આપી દરરોજ કમિશન આપવાની લાલચ આપી હતી. જે અંગે ધિરેન્દ્રએ વધુ પુછપરછ કરતા તેણે બાલાજી ટેલીફિલ્મ લિમિટેડના નામનું એગ્રીમેન્ટ મોકલ્યું હતું. જેમાં બીએસઈ અને એનએસઈ સ્ટોક એકસચેન્જ ની વિગતો મોકલી હતી. જયારે કંપની સેક્રેટરી તરીકે તનુ શર્માની સહીવાળુ સર્ટી હતું. યુવકને વિશ્વાસ આવતા તે એક ટેલીગ્રામ ગ્રુપમાં એડ થઈ ગયો હતો. જેમાં વિવિધ ટાસ્કની વિગતો તેમજ જુદા-જુદા બેંક એકાઉન્ટ નંબર અને ટાસ્ટ પેટેના રૂપીયા તેમા જમા કરાવવાનું હતું. જેથી ધિરેન્દ્રએ રૂ.૮ હજાર જમા કરાવતા તેના યુઝર આઈડીમાં બેલેન્સ પેટે રૂ.૨ હજાર તેમજ રૂ.૨ હજાર બોનસ પેટે મળી કુલ રૂ.૧૦ હજારનું બેલેન્સ ડીસ્પ્લે થવા લાગ્યું હતું. ત્યારબાદ અજાણ્યા શખ્સે ધિરેન્દ્રને કહ્યું કે તમામ ટાસ્ક પુરા કરશો પછી જ કમિશન સાથેની તમામ રકમ તમારા ખાતામાં જમા થશે. ઓનલાઈન રૂપીયા કમાવવાની લાલચે ધિરેન્દ્રએ વિવિધ ખાતામાંથી કુલ રૂ.૬.૨૨ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. પરંતુ ટાસ્ક સાથેની રકમ પરત ન આવતા ધિરેન્દ્રને છેતરપિંડી થઈ હોવાનો એહસાસ થયો હતો. સાયબર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



વાવોલ મહિલા મંડળ દ્વારા આયોજિત સ્વામિનારાયણ મંદિર હિંડોળા ઉત્સવમાં ગોળની રવિયોના હિંડોળા દર્શન યોજાયા હતાં.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

## સિવિલના ૧૮ વોર્ડ ઈન્ચાર્જની એ. એન. એસ તરીકે બઢતી સાથે બદલી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત હોસ્પિટલમાં ફરજ બજાવતા વોર્ડ ઈન્ચાર્જની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. રાજયની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાંથી કુલ ૮૬ વોર્ડ ઈન્ચાર્જની બઢતી સાથે બદલી કરાઈ છે. જેમાં ગાંધીનગર સિવિલમાં વોર્ડ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવતા ૧૮ કર્મચારીઓની પણ બઢતી સાથે બદલી કરવામાં આવી છે. જેમાં વલસાડમાં -૫, પાટણમાં-૫, વડનગરમાં-૫, હિંમતનગરમાં -૨ અને જુનાગઢ ખાતે એક કર્મચારીને મુકવામાં આવ્યા છે. જયારે સોલા સિવિલમાંથી એએનએસ તરીકે ૫ અને વડોદરા (ગોત્રી) થી ૩ મળી કુલ-૮ કર્મચારી ગાંધીનગર સિવિલમાં એએનએસ તરીકે આવશે. ત્યારે સિવિલમાં નર્સિંગ સ્ટાફની ઘટ સર્જાતા તાત્કાલીક ધોરણે નર્સની ભરતી કરવામાં આવે તેવી શકયતા વર્તાઈ રહી છે.

## એમ. બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં કેરિયર કાઉન્સિલિંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૪

એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં શનિવારના રોજ ફાર્મસી કેમ્પસના બ્રહ્માણી કૃપા હોલમાં કેરિયર કાઉન્સિલિંગ કાર્યક્રમ યોજાયો હતો.



અત્રે ઉલ્લેખનીય છે કે શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જીગ્નેશ કુવાડીયા, વિશ્વા ઠક્કર, હરિકૃષ્ણ ચૌહાણ દ્વારા સ્પોર્ટ્સ, કાયદા ક્ષેત્રમાં અને સિવિલ સર્વિસીસ તથા થ્રીડી ડિઝાઈન અને એનિમેશન પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ સાથે ધ્રુવ સોની, હાર્દિક પરીખ અને તેમની ટીમ દ્વારા ફિલ્મ સિનેમા અને ફિલ્મ ક્ષેત્રે વિવિધ કેરિયરની તકો અન્ય વિષયો ઉપર વિસ્તારથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાની શિક્ષિકા ડો. સ્નેહા પટેલ અને સેજલ પરમારે ભારે જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન વિદ્યાર્થીઓ દીપ રાવલ અને અંતરા ખટાવે કર્યું હતું.

## ગીફટસીટી - શાહપુર માર્ગ પર બાઈક સ્લીપ ખાઈ જતા યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર ગીફટસીટી શાહપુર માર્ગ પર ગોપી ફાર્મ પાસે બાઈક સ્લીપ ખાઈ જતા ગંભીર ઈજા પહોંચતા યુવકનું ઘટના સ્થળે જ મૃત્યું નિપજયું હતું. જયારે બાઈકની પાછળ બેઠેલા યુવકને શરીરે ઈજા પહોંચતા સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શાહપુર ગામમાં નવાપરા ખાતે રહેતા રમેશજી ગાંડાજી ઠાકોર ખેતીકામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં ત્રણ દિકરા છે. જેમાં સૌથી મોટી દિકરો દિપક, ત્યારબાદ કાળાજી અને સૌથી નાનો દિકરો મેહુલ છે. ગતરોજ બપોરના આશરે એક વાગ્યાના સુમારે ફરીયાદીના મોટા દિકરા દિપકનો ફોન આવ્યો હતો અને કહ્યું કે મેહુલને શાહપુર થી ગીફટસીટી જતા માર્ગ પર અકસ્માત થયો છે. જેને અમે ખાનગી વાહનમાં હાઈટેક હોસ્પિટલ ખાતે લઈ જઈએ છીએ. ત્યારે ફરીયાદી પણ હાઈટેક ખાતે પહોચી ગયા હતા. ત્યારે ફરીયાદીને તેમના દિકરા મેહુલે જણાવ્યું કે આપણા ગામના મેહુલ રમેશજી ગાંભાજી ઠાકોર અને હું કેટીએમ બાઈક નં.જી.જે.૧૮.બી.ક્યું.-૧૩૧૯ લઈને ગામમાંથી ગીફટસીટી તરફ ગયા હતા.ત્યારબાદ ત્યાંથી પરત શાહપુર આવી રહ્યા હતા. તે સમયે બાઈક મેહુલ રમેશજી ગાંભાજી ઠાકોર ચલાવતો હતો. તે સમયે ગીફટસીટી થી શાહપુર જતા માર્ગ પર ગોપી ફાર્મ પાસે મેહુલ રમેશજી ગાભાજી ઠાકોરે પોતાના બાઈક પરનો કાબુ ગુમાવી દેતા બાઈક રોડ પર સ્લીપ ખાઈને રોડના ડીવાઈડર સાથે ટકરાતા અકસ્માત થયો છે તેવી વાત જણાવી હતી. જયારે બાઈકનો ચાલક મેહુલ રમેશજી ગાભાજી ઠાકોરે બાઈક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સ્લીપ ખાઈ જતા યુવકને ગંભીર ઈજા પહોંચતા મૃત્યું પામેલ છે. જયારે બાઈકની પાછળ બેઠેલ મેહુલ રમેશજી ગાંડાજી ઠાકોર ને ડાબા હાથે ખભાના ભાગે તેમજ ડાબા પગે ફ્રેકચર કરી શરીર પર ઈજાઓ પહોંચી હતી.

## ક-૭થી રાંધેજા જતા માર્ગ પરનું જોખમી વૃક્ષ હટાવવા માંગ

ગાંધીનગર, તા.૨૪

શહેરના ક-૭ થી રાંધેજા ચોકડી તરફના માર્ગ પર તોંતિગ વૃક્ષ નીચે નમી ગયું છે.

ત્યારે વરસાદી સિઝનમાં વરસાદ કે તેજ પવનમાં ઝાડ ગમે તે ઘડીએ ધરાશાઈ થઈ શકે તેવી સ્થિતિમાં છે. ત્યારે આ વૃક્ષ વાહનચાલકો અને પસાર થતા નાગરીકો માટે ઝળુંબતા ખતરા સમાન છે. જેથી આ વૃક્ષને તાત્કાલીક અસરથી દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

